# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે તા.૧૮/૦૪/૨૦૨૨, સોમવારના રોજ લેવાનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) - ૨૦૨૨ની પરીક્ષાનું એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ફક્ત ઓનલાઈન મૂકવામાં આવશે. જેની ગુજકેટ-૨૦૨૨ ની પરીક્ષાના તમામ ઉમેદવારોએ, વાલીઓએ તથા રાજ્યની વિજ્ઞાન પ્રવાહ ધરાવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

ગુજકેટ-૨૦૨૨ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ પોતાનું એડમિશન કાર્ડ (પ્રવેશિકા) બોર્ડની વેબસાઈટ gujcet.gsebht.in અથવા gsebht.in અથવા www.gseb.org પરથી તા.૦૮/૦૪/૨૦૨૨ થી Download કરવાનું રહેશે. જેમાં ઉમેદવારોએ ગુજકેટ-૨૦૨૨ માટે ભરેલ આવેદનપત્રમાં નોંધાયેલ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી અને જન્મ તારીખ અથવા એપ્લીકેશન નંબર દાખલ કરી એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ડાઉનલોડ કરી શકાશે. ઉમેદવારો પોતાના નામ પરથી પણ એડમિશન કાર્ડ (પ્રવેશિકા) Search કરી, જન્મ તારીખની વિગત ભરીને ડાઉનલોડ કરી શકશે.

આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે નોંધાયેલ રાજ્યની વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પોતાના ઈન્ડેક્ષ નંબર તથા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર નો ઉપયોગ કરી લોગ-ઈન થઈ પોતાની શાળાના ગુજકેટ-૨૦૨૨ માટેના ઉમેદવારોના એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ડાઉનલોડ કરીને તમામ વિદ્યાર્થીઓને વિતરણ કરી શકશે.

ગુજકેટ-૨૦૨૨ માટેની એડમીશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) ફક્ત ઓનલાઈન માધ્યમથી મળી રહેશે, જે પરીક્ષાખંડમાં પ્રવેશ માટે માન્ય રહેશે. આ હોલટિકિટ પર શાળાના આચાર્યશ્રીઓના સહિ સિક્કો કરાવવાની જરૂર નથી જે ધ્યાને લેશો.

**ઉમેદવારો(પરીક્ષાર્થીઓ) માટે ખાસ નોંધઃ-**

ગુજકેટ-૨૦૨૨ પરીક્ષાના ઉમેદવારોએ પરીક્ષા દરમ્યાન એડમિશન કાર્ડ (પ્રવેશિકા/Hall Ticket) સાથે કોઈ પણ એક ફોટો આઈ.ડી પ્રુફ (આધાર કાર્ડ અથવા ડ્રાઈવીંગ લાયસન્સ અથવા ધોરણ-૧૨ની પરીક્ષાની હોલટિકિટ) સાથે લઈ જવાનું રહેશે. જેની ખાસ નોંધ લેવી.

(ડી.કે.મહેતા)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા - ૦૮/૦૪/૨૦૨૨

સ્થળ - ગાંધીનગર.

જા.નં. મા.વ/૨૦૨૨/૨૩૬૩

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
સુરત, જિ. સુરત
તા. ૨૨/૦૪/૨૦૨૨

પ્રતિ,
આચાર્યશ્રી
તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
સુરત. જિ. સુરત.

District Education Officer
Surat. Dist. Surat.